# ROYAL RESONANCE

Rotary | THE MAGIC OF ROTARY

**An Official Bulletin of Rotary Club of Bhavnagar Royal**

Club No. 82068 | RI District 3060 ▪ Issue No. 2 | August 2024



**Rtn. Stephanie A. Urchick** – Rotary International President
**Rtn. Tushar Shah** – District Governor
**Rtn. Harikrishna Parekh** – President
**Rtn. Viral Bhavsar** – Secretary
**Rtn. Nirav Doshi** – Bulletin Editor
**Rtn. Gaurav Rathod** – Design





**રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ અને MKBU ભાવનગર યુનિવિર્સટીના** સંયુક્ત ઉપક્રમે ભાવનગર શહેર માં યુવાનો, વિદ્યાર્થીઓમા, અને સમાજ માં જાગૃતતા લાવવા ના હેતુ થી **"NO DRUGS FOR YOUTH" થીમ સાથે એક સાઈકલ રેલી** નું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજ માં થી ડ્રગ્સ ના દુષણ ને દુર કરવા માટે અને દેશ ના યુવાનો ને ગેર માર્ગે જતાં અટકાવવા માટે, ડ્રગ્સના ગેર ફાયદા ઓ સમજવાના ઉમદા હેતુ થી આ સાઈકલ રેલી સમગ્ર ભાવનગર શહેર માં યોજવામાં આવી હતી. કલબ પ્રેસિડેન્ટ **રો.હરીભાઈ, રો.ગીરીશભાઈ તથા યુનિવર્સિટી ના કુલપતિ એ** લીલી ઝંડી બતાવી ને સાઇકલ રેલી ખુલી મૂકી હતી જે સમગ્ર ભાવનગર શહેર ના મુખ્ય માર્ગો પર થી પસાર થઈ હતી. **અંદાજિત ૨૫૦** કરતાં પણ વધુ સાઈકલ સવારો એ આ રેલી માં ભાગ લીધો હતો. રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ ના કુલ ૨૨ કરતાં પણ વધુ મેમ્બર્સ અને રોટ્રેકટ મેમ્બર્સ વિવિધ પોસ્ટર, બેનર્સ, સાથે હાજર રહ્યા હતા અને પ્રોજેકટ ને સફળ બનાવ્યો હતો. આ સાઈકલ રેલી થી રોટરી રોયલને ખુબ સારી પબ્લીક ઈમેજ મળી હતી. સાઈકલ રેલીની પૂર્ણાહુતિ બાદ આપણી ક્લબ MKBU ભાવનગર યુનિવર્સિટી સાથે ૧૫ - ઓગસ્ટના ધ્વજ વંદન કાર્યક્રમમાં જોડાઈ હતી અને મોટી સંખ્યામાં ક્લબ મેમ્બર્સ અને રોટ્રેક્ટ મેમ્બર્સ એ ધ્વજ વંદન કાર્યક્રમ માં હાજરી આપી હતી અને ૭૮ માં સ્વતંત્રતા દિવસ ની ઉજવણી કરી હતી.












## અંકુર વિશિષ્ટ બાળકોની શાળા માં રક્ષાબંધનની ઉજવણી






રોટરી કલબ ઓફ ભાવનગર રોયલએ આ વર્ષે પણ રક્ષા બંધન પર્વની ઉજવણી **" અંકુર વિશિષ્ટ બાળકોની શાળા"** માં વિશિષ્ટ બાળકો ( mentally retired) સાથે તા.૧૭/૦૮ ને શનીવારના રોજ કરી હતી. **છેલ્લા ૧૧ વર્ષ થી** રોટરી રોયલ રક્ષા બંધન પર્વ ની ઉજવણી અંકુર શાળાના વિશિષ્ટ બાળકો સાથે કરતું આવ્યુ છે ત્યારે આ વર્ષે પણ ૨૦ થી વધુ મેમ્બર્સ અંકુર શાળા ખાતે હાજર રહીને mentaly retired બાળકોના હાથે રાખડી બંધાવી હતી અને પારિવારિક લાગણીઓથી જોડાયા હતાં. શાળના ટ્રસ્ટશ્રી ઓ એ પણ રોટરી રોયલના આ ઉમદા કાર્યની ખૂબ જ સરાહના કરી હતી અને કલબ દ્વારા બાળકો ને આપતી હુફની ખુબ જ પ્રશંસા કરી હતી. હાજર રહેલા કલબ મેમ્બર્સ ઓ એ પણ ફૂલ નહીંને ફૂલની પાંખડી સ્વરૂપે બાળકો માટે મદદરૂપ થવાના હેતુ થી અનુદાન અર્પણ કર્યું હતું. રક્ષા બંધનની ઉજવણી સાથે **વિશિષ્ટ બાળકોના મુખ પર નું સ્મીત ખુબ જ લાગણીશીલ અને ભાવુક** હતું. ભાવનગરમાં કાર્યરત આ વિશિષ્ટ બાળકની શાળામાં mentaly retired બાળકો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી દ્વારા રોટરી રોયલએ સમાજ સેવાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું અને બાળકો ને મદદરૂપ બની રોટરીનો ખરા અર્થમાં service above self નો પાયાનો સિદ્ધાંત સાર્થક કર્યો હતો. અંતમાં પ્રેસિડેન્ટ રો.હરિભાઈ એ પ્રંસોગોચિત વક્તવ્ય આપ્યું હતું અને વિશિષ્ટ બાળકોની સાથે વિતાવેલા આ સમયમાં ભાવુક બન્યાં હતાં. આમ રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ એ વિશિષ્ટ બાળકો સાથે રક્ષાબંધન પર્વની વિશિષ્ટ ઉજવણી કરી હતી.

## એક રાખી સૈનિક કે નામ

જામનગર ખાતે ઇન્ટરસિટી ફોરમ સેમીનાર મા રોટરી રોયલના મેમ્બર્સ ઓ એ હાજરી આપી હતી તેની સાથે આ ચાલુ વર્ષે રોટરી રોયલએ રક્ષા બંધન પર્વની ઉજવણી જામનગર ખાતે ના મિલેટરી કેમ્પ માં **મદ્રાસ બટાલિયન ના સૈનીકો, મેજર, બ્રિગેડિયર, commanding officer, કર્નલ** સાથે અનોખી રીતે કરી હતી.રોટરી રોયલ માંથી ૧૦ મેમ્બર્સ આ મિલેટરી કેમ્પમાં ગયા હતા જ્યાં **કર્નલ.પ્રમોદ સર** એ તમામ સભ્યોનું સ્વાગત કર્યું હતું અને આવકાર આપ્યો હતો. કર્નલ પ્રમોદ સર સાથેની મિટિંગમાં પ્રમોદ સરએ મિલેટરી કેમ્પની વિવિધ માહિતીઓ આપી હતી તેમજ મદ્રાસ બટાલિયન ની દિલ ધડક વાતો અને અનુભવો કહ્યા હતા ત્યારે ક્લબ પ્રેસિડેન્ટ રો.હરિભાઈ અને સેક્રેટરી રો.વિરલભાઈ એ રોટરી રોયલની સમાજ સેવાઓ તેમજ વિવિધ પ્રોજેક્ટ્સની ભાવનગર ખાતે ની કામગીરી વર્ણવી હતી. રોટરી રોયલએ રાખડીઓ અને મીઠાઇ ત્યાં બટાલિયનના સૈનીકો માટે અર્પણ કરી હતી ત્યારે કર્નલ પ્રમોદ સરએ મદ્રાસ બટાલિયન નું સ્મૃતિ ચિન્હ યાદગીરીના ભાગ રૂપે પ્રેસિડેન્ટ રો.હરિભાઈને અર્પણ કર્યું હતું. અંતમાં કર્નલ પ્રમોદ સરના આગ્રહને માન આપી સર્વેએ સાથે ભોજન પણ ત્યાં લીધું હતું. આમ આ ચાલુ વર્ષે ફરી રોટરી રોયલ એ **સૈનીકો સાથે રક્ષાબંધન પર્વની** ઉજવણીની ક્લબની જૂની પ્રથા ચાલુ રાખી હતી.અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે જામનગર મિલેટરી કેમ્પ માં રક્ષા બંધન પર્વ ની ઉજવણી **રો. ડો. મૌલીક ભાઇ**ના સહયોગથી શક્ય બની હતી. રો.ડો. મૌલીક ભાઇના વિશાળ મિત્ર વર્તુળના લાભથી ક્લબને આ ઉજવણીનો મોકો મળ્યો હતો અને મિલેટરી કેમ્પ અને કામગીરી જોવાની અને મહેમાન ગતી માણવાની તક મળી હતી.રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ અત્રે રો.ડો. મૌલીક ભાઇ નો ખાસ આભાર વ્યક્ત કરે છે.



## બિઝનેસ પ્લેસ મીટીગ : ડો. મેહુલ જાની ( Jani's Implant Pvt. Ltd.)





મિત્રો, આપ સર્વે જાણો છો એ મુજબ ચાલુ વર્ષે પણ આપણી ક્લબ એ **વર્ક પ્લેસ મીટીંગ**નું આયોજન ચાલુ રાખ્યું છે, જેના ભાગ રૂપે ચાલુ વર્ષ ની પ્રથમ વર્ક પ્લેસ મીટીંગ ક્લબ મેમ્બર્સ રો. ડો.મેહુલભાઈ જાની સાહેબના અત્યાધુનિક એવા **Dr. Jani's Implant Center** પર તા ૨૧/૦૮ના રોજ રાખવામાં આવી હતી. મીત્રો, આપ સર્વે જાણો છો તે મુજબ Dr.Jani's Implant Center એ **ભાવનગર જિલ્લા નું પ્રથમ અત્યાધુનિક મશીનો, સારવાર થી સજજ ડેન્ટલ ક્લિનિક** છે જ્યાં વિશ્વ સ્તરીય ડેન્ટલ સારવાર ઉપલબ્ધ છે. આ વર્ક પ્લેસ મીટીંગ માં ૩૫ થી પણ વધુ મેમ્બર્સ હાજર રહ્યા હતાં. રો.ડો.મેહુલભાઈ જાનીએ ક્લિનિકમા ઉપલબ્ધ વિશેષ સારવાર અને ઉપકરણો જેવા કે Dental X-Ray, Dental CT scan, વાકા ચૂકા દાત ની સારવાર, કેન્સર નિદાન, જડબાની સર્જરી, તથા વિવિધ ડેન્ટલ સર્જરી વિશેની ઉંડાણ પૂર્વક ની માહિતી ક્લબ મેમ્બર્સઓને આપી હતી અને live demonstration દ્વારા પણ સમજણ આપી હતી.ક્લિનિક ની વિશેષતાઓ જોઈને કલબ મેમ્બર્સ પણ મંત્ર મુગ્ધ થઇ ગયા હતા. ક્લિનિક ના અત્યાધુનિક મશીનો, આધુનિક ફર્નિચર, અને fully automatic computerized કામગીરી પણ આકર્ષણ નું કેન્દ્ર બની હતી. રો.ડો.જાની સાહેબ એ પોતાના વક્તવ્ય માં વિવિધ ઉપલબ્ધ સારવાર ની ઉંડાણ પૂર્વક સમજણ આપી હતી અને આજના સમય માં ખુબજ ગંભીર એવા તમાકુ સેવન થી થતાં મોઢા ના અને જડબા ના કેન્સર ના નિદાન અને સારવાર ની પણ માહિતી આપી હતી. આમ વર્ષ ની પ્રથમ વર્ક પ્લેસ મીટીંગ માં ક્લબ મેમ્બર્સ ઓનો ખુબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો અને સર્વેએ ડો.જાની સાહેબનો આભાર માન્યો હતો. વર્ક પ્લેસ મીટીંગ ના અયોજન થી ક્લબ મેમ્બર્સ ઓ માં વધુ પારિવારિક માહોલ અને આત્મીયતા બનતી જોવા માળી રહી છે. જો કોઈ ક્લબ મેમ્બર્સને વર્ક પ્લેસ મીટીંગના અયોજન ની ઈચ્છા અને લાગણી હોય તો તેઓ પ્રેસિડેન્ટ અને સેક્રેટરી નો સંપર્ક કરી સકે છે. અત્રે , ફરી રો.ડો.જાની સાહેબ નો ક્લબ આભાર વ્યક્ત કરે છે.

## સ્પીકર મીટીંગ : CA તેજસ અંધારિયા




રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ કે જે દર મહિને સ્પીકર મિટિંગ નું આયોજ કરતું આવ્યું છે તેના અંતર્ગત ઓગસ્ટ મહિનામાં એક તદ્દન નવા વિષય **"બજેટ હાઇ લાઇટ -૨૦૨૪"** પર ભાવનગર ના જાણીતા અને અનુભવી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ **શ્રી તેજસ ભાઇ અંધારીયા** ના વ્યાખ્યાન નું તા. ૧૪/૦૮/૨૪ ના રોજ હોટેલ બેસિલ પાર્ક ખાતે અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પીકર મિટિંગ માં મોટી સંખ્યા માં ભાવનગર ના પ્રબુદ્ધ નાગરિકો અને કલબ મેમ્બર્સ હજાર રહ્યા હતા. CA તેજસભાઇ એ પોતાની આગવી શૈલી માં આ વર્ષ ના બજેટ ના મુખ્ય મુદ્દાઓ ની સચોટ માહીતી આપી હતી . વ્યાખ્યાન બાદ પ્રશ્નોતરી પણ યોજાઈ હતી.વ્યાખ્યાન ના અંતે રો.ચિરાગભાઈ એ CA તેજસ ભાઈ ને કલબ વતી મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કર્યું હતું. રો.હિરેનભાઈ એ CA તેજસભાઇ નો પૂરો પરીચય આપ્યો હતો જ્યારે સ્પીકર મિટિંગ ના અંતે સેક્રેટરી રો. વિરાલભાઈ એ આભારવિધિ કરી હતી.આવી તદ્દન અલગ જ પ્રકારની સ્પીકર મિટિંગ ને કલબ મેમ્બર્સ એ ખૂબ જ બિરદાવી હતી.

## તિરંગા યાત્રા





સમગ્ર દેશ માં આઝાદી ની ઉજવણી ના ભાગ રૂપે જ્યારે **તિરંગા યાત્રા** ના અયોજન કરવામાં આવી રહ્યા છે ત્યારે ભાવનગર શહેર માં પણ સ્થાનીક ન્યૂઝ પેપર સૌરાષ્ટ્ર સમાચાર અને રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ ના સંયુક્ત ઉપક્રમે તિરંગા યાત્રા નું ૧૫ ઓગસ્ટ ના રોજ અયોજન કરવામાં આવ્યું હતું. **એકતા, અખંડિતતા અને દેશભક્તિ ના ઉમદા હેતુ થી આ તિરંગા યાત્રા** માં મોટી સંખ્યા માં ભાવનગર શહેર ની જનતા જોડાઈ હતી અને મોટી સંખ્યા માં ક્લબ મેમ્બર્સ પણ જોડાયા હતા. રાષ્ટ્રધ્વજ સાથે ની થીમ સાથે આ તિરંગા યાત્રા શહેર ના વિવિધ મુખ્ય માર્ગો પર ફરી હતી. ૧૫ ઓગસ્ટ ની ઉજવણી સાથે ની આ તિરંગા યાત્રા થી આપણી ક્લબ ને ખુબ જ સારી પબ્લીક ઈમેજ સમગ્ર શહેર માં મળી હતી અને રોટરી રોયલ ની વિવિધ સેવાકીય પ્રવૃત્તિ ઓ ને શહેરીજનો દ્વારા બિરદાવવા માં આવી હતી. આ તિરંગા યાત્રા માં ભાવનગર ના વિવિધ પ્રતિષ્ઠિત મહાનુભાવો, રાજકીય આગેવાનો, વિવિધ સંગઠનો , વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

..OF THE THINK WE SAY OR DO

1. Is it the TRUTH?
2. Is it FAIR to all concerned?
3. Will it Build GOODWILL and BETER FRIENDSHIP?
4. Will it be BENEFICIAL to all concerned?

the 4 Way Test

## વૃક્ષારોપણ




રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા ચાલી રહેલ વૃક્ષા રોપણ પ્રોજેકટ અંતર્ગત **Phase- 3** માં ભાવનગર શહેર ના **સ્વામી વિવેકાનંદ હોમીઓપેથી કોલેજ પાસે ના રસ્તા વચ્ચે ના ડીવાઈડર** માં તા:૦૯/૦૮/૨૪ ના રોજ અંદાજીત **૯૦ વૃક્ષો અને ૩૦૦ જેટલી મહેંદી કલમો** રોપવામાં આવી હતી. આ ત્રીજા phase ના વૃક્ષા રોપણ પ્રોજેક્ટ માં ૨૫ થી વધુ રોટરી રોયલ ના મેમ્બર્સ અને રોટેરેક્ટ મેમ્બર્સ હાજર રહ્યા હતા અને ભારે જહેમત ઉઠાવી હતી. આ ત્રીજા phase ના વૃક્ષા રોપણ પ્રોજેક્ટ થી ક્લબ ને ખુબ સારી પબ્લીક ઇમેજ મળી હતી. મિત્રો ફરી અત્રે ઉલ્લેખનીય છે કે રો. કિંજલ બદાનીના સહયોગ થી ગુજરાત ગેસ દ્વારા વૃક્ષો પ્રાપ્ત થાય હતા.

## MSP - Know Your Numbers




આ ચાલુ વર્ષે **MSP પ્રોજેકટ** અંતર્ગત આપણી ક્લબ માં ચાલી રહેલ હેલ્થ ચેકઅપ કેમ્પ અને બ્લડ ગ્રુપ ચેકઅપ કેમ્પ મા તા:- ૨૪/૦૮ ના રોજ હનુમાન મંદિર - બોરતળાવ ભાવનગર ખાતે સ્વામી વિવેકાનંદ હોમીઓપેથી કોલેજ અને હોસ્પિટલ ના સહયોગ થી ડોક્ટર્સ અને તેમની ટીમ દ્વારા **૪૧ જેટલા patient's** ના બ્લડ ગ્રુપ, અને ફુલ બોડી ચેકઅપ કરવા માં આવ્યા હતા.આ સાથે તમામ દર્દી ઓ ને સ્વાસ્થ અનુલક્ષી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું . અત્રે રોટરી રોયલ ખાસ સ્વામી વિવેકાનંદ હોમીઓપેથી કોલેજ અને હોસ્પિટલ નો આભાર વ્યક્ત કરે છે.

## ડીસ્ટ્રીકટ સેમીનાર : ઇન્ટર સીટી ફોરમ




**ઇન્ટરસિટી ફોરમ.૧૦ & ૧૧ ઓગસ્ટ - જામનગર** ખાતે ડીસ્ટ્રીકટ ૩૦૬૦ દ્વારા આયોજીત , ક્લબ લીડર ઓ, ભાવી લીડર ઓ, અને ક્લબ મેમ્બર્સ ઓ ને રોટરી વિષે ની સંપૂર્ણ માહિતી આપવા અને રોટરી થી સંપૂર્ણ માહિતગાર કરવાના હેતુ થી એક ખુબ જ અનોખા સેમીનારનું જામનગર ખાતે ૧૦ અને ૧૧ ઓગસ્ટ ના રોજ અયોજન કરવામાં આવ્યું હતું.Dist.૩૦૬૦ ના વિવિધ હોદેદારોએ રોટરી ના વિવિધ અવેન્યું અને વિવિધ પ્રોજેક્ટ્સઓ, અને રોટરી ની કાર્ય શૈલી ઉપર વક્તવ્યો આપ્યા હતા. રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ માંથી કુલ **૧૦ જેટલા મેમ્બર્સ** ઓ એ આ જામનગર ખાતે ના સેમીનાર માં હાજરી આપી હતી. આ સેમીનાર **૨ અવાર્ડ** આપવામાં આવેલ. **1. Highest Member Participation in Seminar 2. Long Distance Participation in Seminar.**

# ROYAL RESONANCE

## Welcome in Royal Family

1. **Nakum Yogendra**
   (Private Business–Tours and Travel)
   Proposed by Vaibhav Vyas
2. **Unnat Patel**
   (Private Business)
   Proposed by Bhavesh Choithani
3. **Bhavik Dave**
   (Service : HDFC Bank)
   Proposed by Vivek Shah

## રેગ્યુલર મિટીંગ :

**મિટિંગ - 1**
તારીખ - ૦૭-૦૮-૨૦૨૪,બુધવાર, ૮:૩૦ સાંજે
સ્થળ - ઓનેસ્ટ રેસ્ટોરન્ટ

**મિટિંગ - 2**
તારીખ - ૧૪-૦૮-૨૦૨૪,બુધવાર, ૮:૩૦ સાંજે
સ્થળ - બેસિલ પાર્ક હોટેલ

**મિટિંગ - 3**
તારીખ - ૨૮-૦૮-૨૦૨૪,બુધવાર, ૮:૩૦ સાંજે
સ્થળ - ઓનેસ્ટ રેસ્ટોરન્ટ

## સેનેટરી પેડ વિતરણ




આપ સર્વે જાણો છો તે મુજબ ચાલુ વર્ષે district દ્વારા આપવામાં આવેલા M S P પ્રોજેક્ટ્સ અંતર્ગત, ઓગસ્ટ મહિનામાં રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા તા: ૩૦/૦૮ ના રોજ શહેર ની શાળા ન -૧૫ - જલારામ કન્યા શાળા ખાતે કુલ ૧૧૦ વિદ્યાર્થિનીઓ માં કુલ ૧૧૦૦ sanatary pads નુ વિતરણ કરવામાં આવ્યું હતું અને પ્રો. ચેર. રો.ગીતાબેહેન દ્વારા વિદ્યાર્થિનીઓ માં menstrual hygiene પર વકતવ્ય અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. મોટી સંખ્યા માં કલબ મેમ્બર્સ ના spous ઓ પણ હાજર રહીને આ MSP પ્રોજેક્ટ સફળ બનાવ્યો હતો.

## મેજર ડોનર



મિત્રો, ખુબ જ આનંદ અને ગૌરવ ની વાત છે કે આપણા ક્લબ મેમ્બર્સ **રો.મનહરભાઈ રાઠોડ** IPP) એ ગત વર્ષે **૧૦,૦૦૦ $** નું રોટરી ઇન્ટરનેશનલ માં અનુદાન આપી મેજર ડોનર તરીકે નું સન્માન પ્રાપ્ત કર્યું હતું. સેવાભાવી,ઉદાર દિલના અને મૃદુભાષી એવા રો.મનહરભાઈનું મેજર ડોનર થવા બદલ ગત વર્ષે ઇન્દોર કોન્ફરન્સમાં બહુમાન કરવા માં આવ્યું હતું. રોટરી રોયલના ભામાશા એવા રો. મનહર ભાઈ ને આ ઉમદા સેવા કાર્ય માટે રોટરી રોયલ પરિવાર ખુબ ખુબ શુભેચ્છા ઓ પાઠવે છે અને ક્લબ,ગૌરવ ની લાગણી અનુભવે છે.રો.મનહરભાઈ નું આ ઉમદા કાર્ય ખરા અર્થ માં બીજા મેમ્બર્સ માટે પ્રેરણા રૂપ છે.

## TRF માં અનુદાન આપેલ રોટેરિયન

| | |
|---|---|
| રો. વિરલ ભાવસાર | 25$ |
| રો. હરિકૃષ્ણ પારેખ | 25$ |
| રો. હિરેન પારેખ | 25$ |
| રો. ચિરાગ ત્રિવેદી | 25$ |
| રો. કિંજલ બદાણી | 25$ |
| રો. મનહર રાઠોડ | 25$ |
| રો. ડો. નિરવ થડેશ્વર | 25$ |
| રો. ડો. મેહુલ જાની | 25$ |
| રો. તૃષાર શાહ | 25$ |
| રો. કૃષ્ણદેવસિંહ સરવૈયા | 25$ |
| રો. સલીલ જોશીપરા | 25$ |
| રો. શૈલેષ દવે | 25$ |

## અભિનંદન



**રો. ચિરાગ ત્રિવેદી**
રોટરી વર્ષ ૨૦૨૫-૨૬માં
ડીસ્ટ્રીકટ એક્ઝીક્યુટીવ સેક્રેટરી તરીકે
પસંદગી થવા બદલ



**રો. હિમાંશુ જાગાણી**
રોટરી વર્ષ ૨૦૨૫-૨૬માં
આસીસ્ટન્ટ ગવર્નર તરીકે
પસંદગી થવા બદલ

## રોટેરિયન ઓફ ધ મંથ : જુલાઈ



**રો. ગૌરવ રાઠોડ**

## આગામી પ્રોજેક્ટ્સ

- નેશન બિલ્ડર એવોર્ડ
- વૃક્ષારોપણ
- ફેમિલી ફેલોશીપ
- હેલ્થ ચેકઅપ કેમ્પ
- નવરાત્રી આયોજન
- વર્ક પ્લેસ મીટીંગ
- સ્પીકર મીટીંગ

## HAPPY BIRTHDAY

| | |
|---|---|
| 1st August | Rtn. Rushabh Lashkari |
| 1st August | Rtn. Vijay Patel |
| 7th August | Rtn. Hasnain Virani |
| 8th August | Rtn. Harshyamsinh Zala |
| 9th August | Rtn. Dr. Girish Patel |
| 13th August | Rtn. Nirav Doshi |
| 15th August | Rtn. Harshil Vora |
| 22nd August | Rtn. PDG Prashant Jani |

## HAPPY ANNIVERSARY

16th August
Ann. Shagufta & Suhel Bhurani

Multicolor Printing
Magazine Printing
Box Manufacturing
Computer Cont. Stationary (Pre-printed & Blank)
all types of printing solutions
vanshika Forms
F-12, Sanghvi Plastic Compound, Tekari Chowk, Ruvapari Road, Bhavnagar-364001.
Ph. : 0278-2511955 M. : 9879589491, 9825272301 E-mail : vanshikaforms@yahoo.in